# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૪  તા.૦૮-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-    કોવિડ-૧૯ મહામારી પરિસ્થિતિમાં કચેરીમાં મુલાકાતીઓના પ્રવેશ બાબત.**
**સંદર્ભ :-    ક્રમાંક : પ્રાશિનિ / છ-૨ /સંકલન / ૨૦૨૧/૨૮૯૮-૨૯૮૫ તા.૦૮-૦૪-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોવેલ કોરોના વાયરસ બાબતે સમયાંતરે સરકારશ્રી દ્વારા સુચનાઓ તથા માર્ગદર્શિકાઓ બહાર પાડેલ છે. હાલમાં કોરોનાના સંક્રમણ વધતા નામદાર હાઈકોર્ટ દ્વારા સૂચન કરવામાં આવેલ છે. જેના અનુસંધાને તા.૩૦-૦૪-૨૦૨૧ સુધી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના સંબંધીત કામકાજ અર્થે મુલાકાતીઓએ ખૂબ અગત્યની કામગીરી અંગે કચેરીના ટેલિફોન નંબર ૦૭૯-૨૩૨૫૩૯૮૦  ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે તથા પૂર્વ મંજૂરી સિવાય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીની મુલાકાત ન લેવા સૂચના આપવામાં આવે છે.

તા.૦૮-૦૪-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૪-A તા.૦૮-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- એપ્રિલ માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક કસોટીના આયોજન બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૧/૮૮૭૦-૮૯૩૪ તા.૦૮-૦૪-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, કોવીડ-૧૯ સમય દરમ્યાન હોમલર્નિંગની સાથે મૂલ્યાંકન હેતુસર માર્ચ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામાયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

- એપ્રિલ માસમાં ધો.૩ માં પર્યાવરણ અને ગણિત, ધો.૪ થી ૮ માં ગુજરાતી(પ્રથમભાષા) અને ગણિત વિષયની કસોટી લેવાશે.
- ઉપરોકત સામયિક કસોટીઓ તા.૨૭-૦૪-૨૦૨૧ અને તા.૨૮-૦૪-૨૦૨૧ દરમ્યાન યોજવામાં આવશે.
- તા.૨૬-૦૪-૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડ કોપી અથવા સોફ્ટ કોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૬-૦૪-૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે-તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા પર QR કોડ પરથી મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલીઓ અને વિદ્યાર્થીની અનુકુળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી જ લખે તે અપેક્ષીત છે.
- કસોટીઓનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટીઓ ભયમુકત અને તણાવમુકત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીઓની ઉત્તરવહીઓ તા.૭-૫-૨૦૨૧ સુધીમાં વાલીઓ મારફત કોવિડ ગાઈડલાઈનનું પાલન થાય તે રીતે શાળા સુધી પરત આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-૩ | ધોરણ-૪ | ધોરણ-૫ | ધોરણ-૬ | ધોરણ-૭ | ધોરણ-૮ |
| ૧ | પર્યાવરણ | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| પ્રકરણ નંબર | ૧૯ થી ૨૩ | ૧૦ થી ૧૫ | ૧૦ થી ૧૫ | ૧૩ થી ૧૮ | ૧૩ થી ૧૮ | ૧૪ થી ૧૯ |
| ૨ | | ગણિત | ગણિત | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | | ૧૦ થી ૧૪ | ૧૦ થી ૧૪ | ૯ થી ૧૪ | ૧૦ થી ૧૫ | ૧૨ થી ૧૬ |

સમગ્ર કસોટી દરમ્યાન કોવીડ-૧૯ની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

નોંધ : ઉપરોકત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષાની કસોટીઓમાં જે-તે માધ્યમના પાઠયક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૮-૦૪-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2021 / ૮૯૭૦ - ૯૯૩૪
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 08/ 04/ 2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ એપ્રિલ માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.

સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦

(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર માર્ચ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩માં ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિત, ધોરણ ૪ અને ૫માં અંગ્રેજી અને હિન્દી તથા ધોરણ ૬ થી ૮માં અંગ્રેજી, હિન્દી તથા સંસ્કૃત વિષયની સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઇ ગયેલ.

એપ્રિલ-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- એપ્રિલ માસમાં <u>ધોરણ-૩માં પર્યાવરણ તથા ધોરણ ૪ થી ૮માં ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિત</u>ની વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ <u>તા. ૨૭/૦૪/૨૦૨૧ અને ૨૮/૦૪/૨૦૨૧ દરમિયાન</u> યોજવામાં આવનાર છે. તા.૨૬/૦૪/૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૬/૦૪/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.

- કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૭/૦૫/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| No. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | STD-3 | STD-4 | STD-5 | STD-6 | STD-7 | STD-8 |
| 1 | પર્યાવરણ | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| પ્રકરણ નંબર | 19 to 23 | 10 to 15 | 10 to 15 | 13 to 18 | 13 to 18 | 14 to 19 |
| 2 | | ગણિત | ગણિત | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | | 10 to 14 | 10 to 14 | 9 to 14 | 10 to 15 | 12 to 16 |

નોંધ: ઉપરોકત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષાની કસોટીઓમાં જે તે માધ્યમના પાઠ્યક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. શિક્ષણસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાના:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૪-B તા.૦૮-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** PFMS **દ્વારા ખર્ચના ચૂકવણા કરવા બાબત..**
**સંદર્ભ :-** ક્રમાંકઃ એસએસએ/હસબ/૨૦૨૦–૨૧/૧૧૦૮૬–૧૧૧૫૮, તા.૧૮/૩/૨૦૨૧.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું PFMS સોફ્ટવેરમાં ડીપીઈઓ,યુઆરસી,સીઆરસી તેમજ એસએમસી/ એસએમડીસીનું એજન્સી તરીકે રજીસ્ટ્રેશન MHRD ની નવી ગાઈડલાઈન મુજબ સમગ્ર શિક્ષા અંતર્ગત કરવામાં આવેલ છે. બીઆરસી,સીઆરસી તેમજ એસએમસી/ એસએમડીસી કક્ષાએથી PFMS ધ્વારા જ ખર્ચનાં ચુકવણાં કરવાના થાય છે. PFMS માટે મેકર(એન્ટ્રી કરનાર) અને ચેકર(એન્ટ્રી ચેક કરનાર)ના આઈઈડી,પાસવર્ડ સંબંધિત યુઆરસીને અત્રેની કક્ષાએથી આપવામાં આવશે. તેમજ સીઆરસી અને એસએમસી/ એસએમડીસી માટે બ્લોક એમઆઈએસની મદદથી આપની કક્ષાએથી બનાવવાના રહેશે.

યુઆરસી કક્ષાએ મેકર તરીકે બ્લોક એમઆઈએસ કો.ઓ. કામગીરી કરશે અને યુઆરસી કો.ઓ.ચેકર તરીકે કામગીરી કરશે.

સીઆરસી/એસએમડીસી/એસએમસી કક્ષાએ મુખ્ય શિક્ષક મેકર અને ચેકર તરીકે કામગીરી કરશે.

આમ,યુઆરસી/સીઆરસી અને એસએમસી/એસએમડીસી કક્ષાએથી પણ તમામ પ્રકારના ચુકવણાં PFMS ધ્વારા જ કરવાના રહેશે. ચૂકવણા કર્યા બાદ PFMS ધ્વારા એડીપીસીના ખાતામાં પરત જમા કરાવવામાં આવનાર તમામ રકમની ઝેરોક્ષકોપી અથવા ફોર્વડીગ લેટર એડીપીસીશ્રીની ઓફિસ ઉસ્માનપુરા ખાતે એકાઉન્ટ ઓફિસરશ્રી,એસએસએને જમા કરાવવાની રહેશે.

આમ,૧લી એપ્રિલથી આ તમામ કામગીરી માટે નીચે મુજબ યુઆરસી કક્ષાએ કામગીરી કરવાની રહેશે.તેમજ સીઆરસી કક્ષાએ યુઆરસી ધ્વારા બ્લોક એમઆઈએસ મારફત તમામ સીઆરસી ને માર્ગદર્શન(ટ્રેનીગ) આપી કામગીરી કરવાની રહેશે.આમ,એસએમસી અને એસએમડીસીમાં સીઆરસી મારફત માર્ગદર્શન પુરું પાડી તમામ કામગીરી કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૮-૦૪-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી
ગુજરાત કાઉન્સીલ ઓફ સ્કુલ એજ્યુકેશન
સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર
ફોન : 079-23235069, 23234939
ઈમેઈલ : ssagujact13@gmail.com
વેબસાઈટ: www.ssagujarat.org


ક્રમાંક : એસએસએ/હસબ/૨૦૨૦–૨૧/ [illegible] તા. [illegible]/03/2021

| | | |
|---|---|---|
| પ્રતિ,<br>જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>સમગ્ર શિક્ષા, જિલ્લા: તમામ | પ્રતિ,<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,<br>જિલ્લા: તમામ | પ્રતિ,<br>એડી.જિલ્લા પ્રાજેક્ટ કો.ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી, મ્યુનિ. સ્કુલ બોર્ડ,<br>મ્યુનિ કોર્પોરેશન, અમદાવાદ, વડોદરા,<br>રાજકોટ અને સુરત |

વિષય: To Enhance the usage of EAT module by Implementing Agencies (IAs)

સંદર્ભ: (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક: એસએસએ/હસબ/PFMS / ૨૦૭૮૯ – ૮૨૫, તા.૨૬/૦૬/૧૯
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક: એસએસએ / હસબ / ૬૫૯૮ – ૬૬૩૪, તા.૦૪/૦૨/૨૦
(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક: એસએસએ/હસબ/૨૦૨૦/૩૧૫૧૩ – ૫૪૯, તા.૧૪/૦૯/૨૦
(૪) ભારત સરકારના શિક્ષણ વિભાગના પત્રક્રમાંક: D.O.No. 1-3/2019-IS-6, Dt.27-01-21
(૫) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક: સશઅ / ૧૦૨૧ / GOI-19 / ન, તા.૧૧/૦૨/૨૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કેન્દ્ર સરકારના નાણાં વિભાગ ધ્વારા ડેવલપ કરવામાં આવેલ PFMS સોફ્ટવેરમાં ડીપીઓ, બીઆરસી, સીઆરસી તેમજ એસએમસી / એસએમડીસી / કેએમસીનું એજન્સી તરીકે રજીસ્ટ્રેશન MHRDની નવી ગાઈડલાઈન મુજબ સમગ્ર શિક્ષા (CODE_3667) અંતર્ગત કરવામાં આવેલ છે.

વધુમાં અત્રેની કચેરી ધ્વારા સંદર્ભે પત્રોથી PFMS ધ્વારા જ ખર્ચ ના ચુકવણાં અને આપના હસ્તકની એજન્સીને ગ્રાન્ટની ફાળવણી કરવા વારંવાર સુચનાઓ આપવામાં આવેલ છે. તેમજ આપના હસ્તકના બીઆરસી /સીઆરસી / એસએમસી / એસએમડીસી / કેએમસી કક્ષાએથી પણ PFMS ધ્વારા જ ચુકવણાં કરવા સુચનાઓ આપેલ હોવા છતાં સદર બાબતે અત્રેની સુચનાઓનું પાલન કરવામાં આવતું નથી તેવી બાબતો અમારા ધ્યાને આવેલ છે જે ખૂબ જ ગંભીર ગણી શકાય. જેથી હવેથી નીચે મુજબની સુચનાઓ સાથે ૧૦૦% PFMS ની કામગીરી કરવાની રહેશે.

૧. જિલ્લા કક્ષાના જીઓઆઈ હેઠળના તમામ પ્રકારના પેમેન્ટ PFMS ધ્વારા જ કરવાના રહેશે.
૨. આપના હસ્તકના બીઆરસી / સીઆરસી તેમજ એસએમસી / એસએમડીસી / કેએમસી ને ઉપરોક્ત બાબતે જરૂરી જણાવે તાલીમ આપની કક્ષાએથી આપવાની રહેશે.

૩. બીઆરસી / સીઆરસી તેમજ એસએમસી / એસએમડીસી / કેએમસી કક્ષાના બેંક એકાઉન્ટમાં સિગ્નેચર ઓથોરીટીઝ PFMS માટે પણ જવાબદાર રહેશે.

- PFMS માટે ત્રણ પ્રકારના યુઝર (૧.એડમિન, ૨.મેકર, ૩.ચેકર) પૈકી એડમિન ના તમામ રાઈટસ જિલ્લા કક્ષાએ રાખવાના રહેશે. તેમજ મેકર અને ચેકરના આઈડી, પાસવર્ડ સંબંધિત બીઆરસી / સીઆરસી અને એસએમસી / એસએમડીસી / કેએમસી કક્ષાએ આપવાના રહેશે.
- બીઆરસી કક્ષાએ મેકર તરીકે બ્લોક એમઆઈએસ કો–ઓ કામગીરી કરશે અને બીઆરસી કો–ઓર્ડીનેટર ચેકર તરીકેની કામગીરી કરવાની રહેશે.
- સીઆરસી / એસએમસી / એસએમડીસી કક્ષાએ મુખ્ય શિક્ષક મેકર અને ચેકર તરીકે કામગીરી કરવાની રહેશે.
- કેએમસી કક્ષાએ મેકર તરીકે વોર્ડન કમ હેઠ ટીચર કામગીરી કરશે અને નોડલ પર્સન(કેજીબીવી) ચેકર તરીકેની કામગીરી કરવાની રહેશે.

૪. બીઆરસી / સીઆરસી અને એસએમસી / એસએમડીસી / કેએમસી કક્ષાએથી પણ તમામ પ્રકારના ચુકવણા PFMS ધ્વારા જ થાય તે બાબતનું મોનીટરીગ કરાવવું.

૫. એપ્રિલ–૨૦૨૧ થી તમામ લેવલ પર PFMS સિવાય કોઈ પેમેન્ટ કરવામાં આવશે તો તેની જવાબદારી નકકી કરવામાં આવશે.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણ અમલ કરવાનો રહેશે જેની હિસાબી અધિકારીએ ખાસ નોંધ લેવી તેમજ જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડીનેટરશ્રીએ આ બાબત દર માસે રીવ્યુ કરવાના રહેશે.

ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ રવાના:**

– સ્ટેટ એમઆઈએસ કો–ઓ. / સ્ટેટ ગર્લ્સ એજયુ. કો–ઓ. સદર કચેરી તરફ જાણ સારૂ.
– જિલ્લા હિસાબી અધિકારી, જિ.તમામ તરફ જાણ અને અમલવારી કરાવવા સારૂ.
– મદદ. જિલ્લા કો–ઓ. એમઆઈએસ / ગર્લ્સ એજયુ. જિ. તમામ તરફ જાણ અને અમલવારી સારૂ.